# સરકાર પાવર એકસચેન્જમાંથી વીજળી ખરીદવા માટે કટિબદ્ધ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના ખેડૂતોના હિત માટે આ સરકાર કોઈ પણ કિંમતે પાવર એકસચેન્જ માંથી વીજળી ખરીદવા માટે કટિબદ્ધ છે એવું આજરોજ શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું

શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતોના ખભે બંદૂક ફોડીને કોંગ્રેસ રાજનીતિ કરીને ખેડૂતોને ઉશ્કેરણી કરવાનું બંધ કરે.ગુજરાતના ખેડૂતો ખૂબ જ હોશિયાર છે અને તે કોંગ્રેસ ને સારી રીતે ઓળખે છે.અમારી સરકાર ખેડૂતોને પૂરતા પ્રમાણમા વીજ પુરવઠો પુરો પાડવા હર હંમેશ કટિબધ્ધ છે અને રહેશેજ.

તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના તમામ પાવર પ્લાન્ટ કાર્યરત છે તેમજ કરાર થયેલા પ્લાન્ટ પણ કાર્યરત છે ક્યારેક ક્યારેક વિન્ડ પાવર અને સોલર પાવર વીજ ઉત્પાદનમાં અનિશ્ચિતતા હોય છે તમામ રાજ્યની વીજ ઉત્પાદન ભારતના પાવર એકસચેન્જ માં જમા થાય છે ઊર્જા મંત્રીશ્રીએ જ્યારે ખેડૂતોને વીજ આપવાની વાત કરી હતી ત્યારે વીજળી મેળવવાની પરિસ્થિતિ આપણા હાથમાં હતી. પરંતુ અનાજ અને જળના જેમ વીજળી નો સંગ્રહ આપણે કરી શકતા નથી પાવર એકસચેન્જ માંથી ડિમાન્ડ અને સપ્લાય ના આધારે જરૂર પ્રમાણે પાવર ખરીદી આપણે કરી શકીએ છીએ. સમગ્ર ભારત નાં તમામ રાજ્યોમાં બે ત્રણ દિવસથી મોટી વીજ અછત ઊભી થઈ છે. પરિણામે ગુજરાતમાં પણ આ સંકટ નો સામનો કરવો પડે છે.

તેમણે ઉમેર્યું હતું કે આ સરકાર હંમેશા ખેડૂતોના હિત માટે તેમના પડખે ઊભી રહી છે. આ સરકાર પણ જાણે છે કે ખેડૂતોના ખેતરમાં ઉભા પાક યોગ્ય સમયે પાણી નહીં મળે તો એમને નુકસાની થશે તેથી જ કોઈ પણ ભાવે વિજળી ખરીદવા માટે રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની નેતૃત્વવાળી સરકારે તૈયાર છે. તેમણે ઉમેર્યું હતું કે ખેડૂતોના હિત માટે આ સરકારના શાસનમાં સૌની યોજના, સુજલામ સુફલામ યોજના અને નર્મદા કેનાલના કામો ની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે. કોંગ્રેસના શાસન દરમિયાન તેમણે પાણી સંગ્રહ કરવા અને તેનું સિંચન કરવાનું કોઈ કામ કર્યું નથી.

કોંગ્રેસે માત્ર રાજનીતિ જ ખેડૂતોના નામે રમે છે તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, કિસાનો માટે કેન્દ્રની નરેન્દ્ર ભાઈ મોદી ની નેતૃત્વવાળી સરકારે કિસાન સન્માન નિધિ, એમ.એસ.સી કિંમત, ગોડાઉન સંગ્રહ કરવા ની વ્યવસ્થા, કિસાનોને સિંચાઈ માટે જરૂરી પાણી આપવાની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી કરીને વીજ માંગમાં પણ વધારો થયો છે. કોંગ્રેસે તેના શાસનમાં આવી કોઈપણ પ્રકારની વ્યવસ્થા કરી ન હતી અને ખેડૂતોને માત્ર હૈયાધારણ આપવાનું કામ કર્યું હતું. એવું કહી તેમણે જણાવ્યું હતું કે ૧૯૬૦થી ૧૯૯૫ સુધી માં ના કોંગ્રેસ ના શાસન માત્ર ૫ લાખ ૫૧ હજાર ૫૫૧ જેટલા જ કૃષિ વિષેક વીજ કનેક્શનો આપવામાં આવ્યા હતા. પરંતુ અમારી સરકાર ના શાસન ૧૯૯૫ થી ૨૦૨૨ સુધીમાં ૧૪ લાખ ૬૩ હજાર ૭૩૯ કૃષિ વિષયક જોડાણ આપવામાં આવ્યા છે પહેલા એક સમય એવો હતો કે ખેડૂતોને વીજ કનેક્શન મેળવવા પણ મથામણ કરવી પડતી હતી. પરંતુ આ સરકારના શાસન માત્ર ૧૫ થી એક મહિનાના ટૂંકા સમયમાં ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ આપવામાં આવી રહ્યું છે. તેમજ આગામી ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં રાજયના તમામ બાકી રહેલા વિવિધ કૃષિ વીજ જોડાણો આપી દેવાનું કાર્ય પણ પૂર્ણ કરવા આ સરકારે સુવ્યવસ્થિત આયોજન કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે કેટલીક બાબતો આપણા હાથમાં ન હોવાથી આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. પરંતુ ખેડૂતોના હિત માટે સતત પ્રયત્નશીલ સરકાર આ પ્રશ્નો પણ ટૂંક સમયમાં ઉકેલ લાવશે તેવું પણ ભારપૂર્વક

# સે-૧૭ માં નવા સદસ્ય નિવાસ બાંધવાની યોજના અન્વયે ટુંકમાં ભુમિપુજન

## મુખ્યમંત્રી અને વિધાનસભાના અધ્યક્ષની હાજરીમાં નવા એમ એલ એ કવાટર્સ બાંધવાની યોજનાનો શુભારંભ કરાશે : આગામી ૩૧ માર્ચ પુર્વે ભુમિપુજનનો કાર્યક્રમ યોજના તંત્રની તૈયારી

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં સે-૧૭ ખાતે નવા સદસ્ય નિવાસ બાંધવા માટે ટુંકમાં ભુમિપુજન કરાશે. લોકપ્રતિનિધિઓ માટે અંદાજિત રૂ ૨૪૭ કરોડના ખર્ચે ૨૧૬ ફ્લેટ ટાઈપ આવાસ બાંધવાની યોજના હાથ ધરવામાં આવશે. ચાર બેડરૂમ હોલ કીચનની સુવિધા ધરાવતા આ આવાસોને અનુલક્ષી આગામી તા ૩૧ માર્ચ પુર્વે ભુમિપુજન કરવા માટે તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જયારે ભુમિપુજનના કાર્યક્રમમાં મુખ્યમંત્રી અને વિધાનસભાના સ્પીકર પણ હાજરી આપશે. સે-૧૭ માં ધારાસભ્યો માટે નવા આવાસો બાંધવાનો નિર્ણય લેવાયો છે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨૪૭ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. લોકપ્રતિનિધિઓ માટે નવી કોલોની બાંધવામાં આવનાર છે. આગામી વિધાનસભાની બેઠકોનુ સિમાંકન બદલીને બેઠકો વધારવામાં આવે તે સમયની જરૂરિયાને ધ્યાનમાં રાખીને આ ઠેકાણે ૨૧૬ ફ્લેટ ટાઈપ આવાસોનુ નિર્માણ કરાશે આગામી તા ૩૧ મી માર્ચના રોજ વિધાનસભાનુ સત્ર પુર્ણ થાય તે પુર્વે આ આવાસોના બાંધકામ સંદર્ભે ભુમિપુજન કરવા માટે પણ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જેને અનુલક્ષી સ્થળ પર વિશાળ મંડપ બાંધવામાં આવી રહ્યો છે. અને મુખ્યમંત્રી તથા વિધાનસભાના સ્પીકર સહિત મંત્રીઓ અને ધારાસભ્યો સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેવાના હોવાથી નિમંત્રણો આપવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. નવા સદસ્ય નિવાસ માટે સ્થળ પસંદગી કરવામાં આવી છે. તે સ્થળે છ કક્ષાના સરકારી આવાસો છે. આ આવાસો અંદાજિત ચાર દાયકા જુના હોવાની સાથે ભયજનક હાલતમાં છે. જેને અનુલક્ષી આ ઠેકાણે અંદાજિત ૧૨૩ જેટલા આવાસો તોડી પાડવામાં આવશે. જયારે હવે નવા ફ્લેટ ટાઈપ આવાસ સહીત ડિઝાઈન અને નકશા તૈયાર કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. મુખ્યમંત્રી લીલીઝંડી આપે ત્યારબાદ આ યોજના સંદર્ભે ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. તા ૨૮ માર્ચ આસપાસ મુખ્યમંત્રી તેમજ સ્પીકર દ્વારા આ કાર્યક્રમ અન્વયે સમય ફાળવવામાં આવે તે માટે પણ તંત્રએ પુરતી તૈયારી કરી લીધી છે. રાજયમાં હાલ ધારાસભ્યોની સંખ્યા ૧૮૨ છે. જયારે આ સદસ્યો માટે સે-૨૧ ખાતે સદસ્ય કોલોની પણ છે. જયારે હવે પાટનગરમાં ચોથીવાર નવા આવાસ બાંધવામાં આવશે જેમાં ૯ માળમાં ૧૨ બ્લોકમાં ચાર બેડરૂમ હોલ કીચનની સુવિધા ધરાવતા આવાસો તૈયાર કરાશે. આ યોજના પાછળ અંદાજિત રૂ ૨૪૭ કરોડનો ખર્ચ કરાશે. જેને અનુલક્ષી ૨૮ હજાર ચો મી થી વધુ સરકારી જમીનમાં નવા આવાસો બાંધવામાં આવશે જેમાં સઘળી સુવિધા હશે. શહેરના માર્ગ નં -૫ પર નજીક સ્થિત આ જગ્યા શહેરના હાર્દસમા વિસ્તારમાં છે. જયારે અગાઉ આ સ્થળ પર જ સદસ્ય નિવાસ બનાવાયા હતા જયારે આ આવાસો પણ હાલ કંગાળ હાલતમાં હોવાથી તોડીને નવા બનાવાની યોજના હાથ ધરવામાં આવશે.

# શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીને "આપ"નો ખુલ્લો પડકાર



ગાંધીનગર,તા.૨૫

રાજ્યમાં વિધાનસભાની ચુંટણીઓ વહેલી યોજાવાના ભણકારા વાગી રહ્યાં છે જેના પગલે રાજકીય પાર્ટીઓ દ્વારા યેનકેન પ્રકારે એકબીજાને નીચા દેખાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે. તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલા શિક્ષકોના ધરણાંની તસવીરો સોશિયલ મિડીયા પર પોસ્ટ કરીને ભાજપે આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધતા છંછેડાયેલી આપ પાર્ટીએ શિક્ષણ વ્યવસ્થા મુદ્દે જાહેરમાં ચર્ચા કરવા ગુજરાતના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીને ખુલ્લી ચેલેન્જ કરી છે અને તે સબબના પોસ્ટર પણ પાટનગરમાં આપ કાર્યકર્તાઓ દ્વારા લગાડવામાં આવ્યાં હતાં.

# પહેલી જૂનથી અમદાવાદ-ભુજ વચ્ચે ફલાઈટ શરૂ થશે

ગાંધીનગર,તા.૨૫

ગુજરાત સરકારે વિધાનસભાને માહિતી આપી હતી કે, રાજ્ય સરકારની વાયબિલિટી ગ્રાન્ટ ફંડિંગ યોજના હેઠળ અમદાવાદ અને ભુજ વચ્ચેની એર કનેક્ટિવિટી સર્વિસ ૧ જૂનથી શરૂ થાય તેવી શક્યતા છે. ગુરુવારે વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં, સરકારે લેખિતમાં જવાબ આપતા જણાવ્યું હતું કે, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૨ સુધીમાં રાજ્ય સરકારની ફ્યહ્ન યોજના હેઠળ છ રૂટ પર એર કનેક્ટિવિટી સ્થાપિત કરવામાં આવી છે. આ રુટ રાજકોટ-પોરબંદર, અમદાવાદ-કંડલા, સુરત-અમદાવાદ, સુરત-રાજકોટ, સુરત-અમરેલી અને સુરત-ભાવનગરનો સમાવેશ થાય છે. રાજ્યના નાગરિક ઉડ્ડયન મંત્રીએ લેખિતમાં જવાબ આપતા ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકારની હ્વછદ્ગ યોજના હેઠળ બે રૂટ શરૂ કરવામાં આવ્યા છે. તે અમદાવાદ-પોરબંદર અને અમદાવાદ-કંડલા છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાત સરકારના એરક્રાફ્ટના મેન્ટેનન્સ પાછળ ૧૯.૫૩ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેની ખરીદી વર્ષ ૨૦૧૯માં કરવામાં આવી હતી. કોંગ્રેસના ધારાસભ્ય ગેની ઠાકોરના સવાલનો લેખિતમાં જવાબ આપતા સરકારે જણાવ્યું હતું કે, તેમણે ૨૧ નવેમ્બર, ૨૦૧૯માં ૧૯૭.૯ કરોડ રૂપિયામાં ૧૨ સીટ ધરાવતું નવું એરક્રાફ્ટ બોમ્બાર્ડિયર ચેલેન્જર ૬૦૦ સીરિઝ ખરીદ્યું હતું. ૨૦૨૦ અને ૨૦૨૧માં તેના મેન્ટેનન્સ માટે ઈન્દામેર એવિએશન અને રેમન્ડ લિમિટેડને ૧૯.૫૩ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયાના સવાલનો જવાબ આપતા, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે, રાજકોટ એરપોર્ટ પર ફેસ-૧નું ૬૨% કામ પૂરું થયું છે અને ફેસ-૧નું તમામ કામ ઓગસ્ટ-૨૦૨૨માં પૂરું થવાની શક્યતા છે. રાજ્ય સરકારે એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સાથે રાજકોટમાં એરપોર્ટ ઉભુ કરવા માટે જાન્યુઆરી, ૨૦૧૯માં રૂ઼ પર હસ્તાક્ષર કર્યા હતા. અમદાવાદના ધારાસભ્ય ગ્યાસુદીન શૈખે અમદાવાદ અને કેવડિયા કોલોની વચ્ચેની સીપ્લેનની સુવિધા ક્યારે શરૂ થશે તેના વિશે જાણકારી માગી હતી. જવાબમાં રાજ્ય સરકારે કહ્યું હતું

## અકસ્માતમાં બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે

# કચ્છમાં જીપ-ટ્રક વચ્ચેની ટક્કરમાં ત્રણ જણાનાં મોત

## જીપમાં આઈનોક્સ કંપનીના પાંચ કર્મચારીઓ સવાર હતા, જેમાંથી ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા

કચ્છ,તા.૨૫

કચ્છના નખત્રાણાના અંગિયા ફાટક પાસે અકસ્માતમાં ૩ ના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. બોલેરો અને ટ્રક વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૨ વ્યક્તિઓના ઘટના સ્થળે મોત થયા છે, તો એક મોત હોસ્પિટલમાં થયું હતું. આ ઉપરાંત અન્ય બે ગંભીર ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, નખત્રાણાના નાના આંગિયા ગામના ફાટક પાસે ગુરુવારે રાત્રે ભુજથી આઈનોક્સ કંપનીની બોલેરો જીપ આવી રહી હતી. તે સમયે એક ટ્રેઈલર મીઠુ ભરીને જઈ રહ્યુ હતું. બંને ગાડીઓ વચ્ચે એવી ટક્કર થઈ હતી કે, ટ્રેઈલરના ટક્કરથી જીપનો ખુડદો બોલાઈ ગયો હતો. જીપ પડીકુ વળી ગઈ હતી. જીપમાં આઈનોક્સ કંપનીના પાંચ કર્મચારીઓ સવાર હતા, જેમાંથી ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. આ અકસ્માતમાં ૬૦ વર્ષીય ભચેસિંહ ભોમસિંહ સોઢા (રહે. ગાંધીધામ) અને દિનેશ જેઠારામ ગોરનું ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતું. તો અન્ય કર્માચરી વિવેકે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. અન્ય કર્મચારીઓ પિયુષ હિંમતભાઈ ગજેરા (ઉ.વ.૨૨) અને અનિલભાઈ તાપશીભાઈ સીજુ (ઉ.વ.૨૩) હાલ હોસ્પિટલમાં ગંભીર હાલતમા સારવાર હેઠળ છે.

## ફોર્સ ઘટ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિતિએ નર્મદા તેમજ બોર આધારિત વ્યવસ્થાના અંતે અંદાજિત ૬૫ એમ એલ ડી જેટલો પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. એકબાજુ ગરમીના દિવસોમાં દિનપ્રતિદિન પાણીનો વપરાશ વધવાની સાથે પાણીનો બગાડ પણ વધુ થાય છે ત્યારે છેલ્લા ત્રણ ચાર દિવસથી જુના સેકટરોમાં પણ પાણીનો ફોર્સ ઘટી ગયો છે. જેના માટે નભોઈ પમ્પીંગ સ્ટેશન પર નવો પમ્પ કાર્યરત કરવાની અનિવાર્યતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે હાલ નગરના નવા સેકટરોમાં પણ ધીમે ધીમે પાણીની પોકાર પ્રબળ બનતી જાય છે. સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતા ટાંકી પણ ભરાતી નથી જેના લીધે આક્રમક ગરમીના દિવસોમાં સ્માર્ટ સીટીમાં પાણીની સમસ્યા સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. એકબાજુ શહેરમાં સ્માર્ટ સીટી અનવયે નવી લાઈન નાંખવા માટે પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ત્યારે આગામી દિવસોમાં નગરના સેકટરોમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવામાં આવશે પરંતુ હાલ સેકટરોમાં પાણીના મામલે ઉઠતી ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બની રહી છે.

## બેંકો બંધ રહેતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય છે. આવા સંજોગોમાં બેન્કોમાં સળંગ ચાર દિવસની રજાઓ અને હડતાળના સંજોગોના લીધે વેપારીઓ , કર્મચારીઓ અને આમ નાગરિકોની મુશ્કેલી વધશે. માર્ચ મહીનો પુરો થવામાં છે. જયારે આગામી ચાર દિવસ શનિ, રવિ અને સોમ મંગળ બેંકોનુ કામકાજ ઠપ્પ રહેશે. જેના લીધે માર્ચના અંતિમ દિવસોમાં થતા આર્થિક વ્યવહારો પણ અટકી જશે. માર્ચ મહીનો શરૂ થયો ત્યારથી આડા દિવસોમાં પણ બેંકોમાં ભીડ જોવા મળે છે. ત્યારે નાણાંકીય વર્ષના અંતમાં બેંકીગ ક્ષેત્રે વિશેષ ધમધમાટ રહેતો હોય છે. આ સ્થિતિ વચ્ચે નગરની બેંકોમાં કામગીરી બંધ રહેતા નાણાંકીય વ્યવહારો અટવાતા વેપારીઓ , કોન્ટ્રાકટરો તેમજ આમ નાગરિકો પણ મુશ્કેલી અનુભવશે. બેંકોના કર્મચારીઓના પડતર પ્રશ્ને પણ હડતાલ રાખવાનો નિર્ણય લેવાયો છે જેમાં શનિ રવિની રજાના દિવસોની સાથે પ્રશ્નો સંદર્ભે હડતાળ રાખવામાં આવતા શહેરની તમામ બેંકોની કામગીરી આગામી ચાર દિવસ સુધી બંધ રહેશે. ત્યારે માર્ચના અંતિમ દિવસોમાં નવા નાંણાકીય વર્ષની શરૂઆત પુર્વે આ સ્થિતિ સર્જાતા વેપારીઓ સહીત પગાર કરતી સંસ્થાઓ માટે પણ નવી મુશ્કેલી ઉભી થઈ છે. બેંકો બંધ રહેતા શહેરમાં કરોડોનો આર્થિક વ્યવહાર ઠપ્પ થઈ જશે. માર્ચમાં નાણાંકીય વર્ષ પુરુ થતુ હોવાથી ઘણાં નાંણાકીય વ્યવહારોના વાયદા પણ પુર્ણ કરવામાં મોટી મુશ્કેલી પડશે. જયારે કોવિડના અંતે એ ટી એમમાંથી ઉપાડ થતી રકમમાં પણ મર્યાદા આવી ગઈ છે જેના લીધે મોટી રકમની લેંણ દેણ મામલે પણ બેંકો બંધ રહેતા અટવાઈ જવુ પડે તેવી સ્થિતિ સર્જાશે.

## ગાંધીનગર મને ગમે છે

● પાના ૫ નું ચાલુ

આલ્ફા, દાવત જેવાં રેસ્ટોરાં પણ છે.

નગરમાં નાઈટ લાઈફ નહિવત્ છે. ટાઉનહૉલ ઘણા વખતથી બંધ છે એટલે સંગીત-નાટક બંધ છે.

અલબત્ત, શિવરંજની, કલ્ચરલ ફોરમ, સંસ્કૃતિ જેવી સંસ્થાઓ ગાંધીનગરને ગૂંજતું રાખે છે. સંસ્કૃતિ કુંજમાં થતો વસંતોત્સવ ગાંધીનગરનો મહોત્સવ છે. તેમાં દેશભરનાં લોકનૃત્યો જોવાનો લ્હાવો અનેરો છે. ગાંધીનગર સાહિત્યસભા, દલિત સાહિત્ય વિમર્શ વગેરે સાહિત્ય પદાર્થને જીવતો રાખે છે. રેશનલ સમાજમાં ચિંતકો મળે છે.

ગાંધીનગરમાં હવે બાગ-બગીચા સારા થયા છે. એમાં પુનિત વન, સરિતા ઉદ્યાન, ઈન્દ્રોડા પાર્ક તો પક્ષીનિરીક્ષકો માટે ઉત્તમ છે. વળી શિયાળામાં પક્ષીનિરીક્ષણનો કેમ્પ યોજવામાં આવે છે. ગાંધીનગરમાં શિયાળામાં મોર્નિંગ વૉક કરવાની મજા કંઈક ઓર છે.

અહીં મુખ્ય માર્ગોની સફાઈ સરસ થાય છે, પરંતુ શહેરની આસપાસ રબલ અને કચરાના ઢગલા સર્જાયા છે. ચોરોનો ઉપદ્રવ ભારે, ઘર બંધ કરીને આઈ.પી.એસ.થી પણ ન જવાય. ગયા તો તૂટ્યું સમજો ! ટ્રાફિક હવે વધી ગયો છે. પાર્કિંગની સમસ્યા સળગતી છે. રખડતાં કૂતરાં મોર્નિંગ વૉક કરતા આરોગ્યપ્રેમીઓ માટે ત્રાસરૂપ છે. વાંદરા ઘરના બગીચા ઉજ્જડ કરે છે, ગાંધીનગરમાં ઘર શોધવું ઈશ્વરની શોધ જેટલું મુશ્કેલ છે. કેમ કે ઉચ્ચાધિકારીઓ નામ, નંબર લખતા જ નથી.

ખેર, ગાંધીનગર વિકસતું શહેર છે એટલે બધું થશે એવી આશા છે. વિકાસના કારણે વૃક્ષોનો સોથ વળી રહ્યો છે તેથી જીવ બળે છે, પરંતુ પર્યાવરણ સાથે વિકાસ પણ જરૂરી છે. મારું ઘર કરવા મેં વૃક્ષોનો ઉચ્છેદ કર્યો જ હશે ને ! ભવ્ય રેલવે સ્ટેશનમાં ટ્રેનોની વ્હીસલો સંભળાશે, મેટ્રો ટ્રેન અમદાવાદથી સરકતી આવશે એવાં દિવા સ્વપ્નો આવે છે, તે સાચાં પડશે એવી આશા !

**પ્રવીણ ગઢવી, આઈ.એ.એસ. નિવૃત્ત**

## જનસેવકની અનોખી જનસંવેદના

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અચાનક વડોદરાના સુખાલીપુરા ગામે પહોચ્યા

## કોઇ જ પૂર્વનિર્ધારીત કાર્યક્રમ વિના વડોદરા જિલ્લાના ગામોમાં-સેવા વસ્તીમાં પહોચેલા મુખ્યમંત્રીની સાદગી-સૌહાર્દ અને સેવાપરાયણતાથી ગ્રામજનોમાં સંતોષનું સ્મિત રેલાયું





ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સરળ-સહજ વ્યક્તિત્વ અને જનસેવક તરીકેની અનોખી સંવેદનાનો વધુ એક પરિચય વડોદરા જિલ્લાના સુખાલીપુરાના ગ્રામજનોને શુક્રવારે સવારે થયો હતો. સુખાલીપુરા ગામમાં હજુ તો લોકો પોતાની દિનચર્યા શરૂ કરે ત્યાં સુધીમાં ત્યાં તો તેમને એક સુખદ આશ્ચર્યનો અનુભવ થયો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના મુખ્ય સચિવ પંકજકુમાર સાથે અમદાવાદથી મોટર માર્ગે સુખાલીપુરા ગામે પહોચ્યા હતા.

ભૂપેન્દ્ર પટેલને કોઈ જ પૂર્વનિર્ધારિત કાર્યક્રમ કે સરકારના કોઈ અધિકારીઓ, જિલ્લાતંત્ર વાહકોને જાણ કર્યા વિના વડોદરાના આ સુખાલીપુરા ગામે પહોચી ગયેલા જોઈ ગ્રામજનો તો અચંબામાં પડી ગયા.

મુખ્યમંત્રીએ પણ પોતાના વાહનમાંથી ઉતરી ગ્રામીણ ખેડૂતો-માતા-બહેનોના ઘર આંગણે જઈને તેમની સાથે સહજ વાતચીત સંવાદથી જનસેવક તરીકેની અનોખી સંવેદના દર્શાવી.

તેમણે ગ્રામીણ મહિલાઓ સાથે ગામમાં સફાઈ, પાણી, વીજળી જેવી પાયાની સુવિધા અંગે, શાળાએ જતા બાળકો સાથે શાળા શિક્ષણ અંગે લંબાણપૂર્વક વાતચીત કરીને સરકારની યોજનાઓના લાભ બરોબર મળે છે કે કેમ ? તેની પૃચ્છા કરી હતી.

મુખ્યમંત્રી સૌ પ્રથમ સુખાલીપુરાના નવી નગરી વિસ્તારમાં પહોંચી ગયા હતા અને ત્યાં તેમણે વિકાસ કામોનું નિરીક્ષણ કર્યું હતું.

એટલું જ નહિ મુખ્યમંત્રીએ આંગણવાડી કેન્દ્રમાં પણ જઈને આંગણવાડી કાર્યકર બહેનો સાથે વાતચીત કરી, નંદઘરમાં અપાતી સુવિધા, પોષક આહાર, રમકડાં, અભ્યાસ સામગ્રી વિશે પૂછપરછ કરી જાણકારી મેળવી હતી.

મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી એવા વિઠ્ઠલભાઈ મોતીભાઈ વણકરને યોજના અંગે પૃચ્છા કરી હતી. યોજનામાં મળવાપાત્ર રકમ સમયસર મળી રહે છે ? મકાનનું કામ સારી રીતે થયું છે ? પાકા મકાનમાં રહેવાની મજા આવે છે ? સહિતની બાબતોની જાણકારી મુખ્યમંત્રીએ મેળવી હતી. ગામમાં ૨૦ ગરીબ પરિવારોને આ યોજનાનો લાભ મળ્યો છે.

મુખ્યમંત્રી સુખાલીપુરા ગામના પાદરમાં તળાવના કિનારે મૂકાયેલા બાંકડા ઉપર બેસી ગયા હતા. એક બીપીએલ રાશનકાર્ડ ધારક સાથે સંવાદ સાધ્યો હતો. જેમાં પૂરતુ રાશન મળે છે કે કેમ ? સમયસર દુકાન ખુલે છે ? ક્યું રાશન આપે છે ? આ બાબતની જાણકારી મેળવી હતી.

એ દરમિયાન સરપંચ નવનિતભાઈને જાણ થતાં તેઓ ત્યાં આવી પહોચ્યા હતા અને વાતવાતમાં કહ્યું કે સાહેબ તમે આવવાના છો તેની જાણ કરી હોત તો સારૂ થાત.

મુખ્યમંત્રીએ સ્મિત સાથે સહજતાથી સરપંચને કહ્યું કે જો તમને જાણ કરી હોત તો તમે બધી તૈયારી કરી રાખી હોત. મારે તો ગામની વાસ્તવિક સ્થિતિ જાણવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ વિમાની મથકેથી રાષ્ટ્રપતિશ્રીને જામનગર જવા વિદાય આપ્યા બાદ અચાનક જ આ ગ્રામીણ વિસ્તારોની મોટરમાર્ગે નિરીક્ષણ મુલાકાતનો નિર્ણય કર્યો અને કોઈને ય જાણ કર્યા વિના અમદાવાદ, વડોદરા હાઈ-વે પર થઈને સુખાલીપુરા પહોચી ગયા હતા.

મુખ્યમંત્રીએ વડોદરાના એકતાનગરની પણ મુલાકાત લીધી હતી અને અહીં રહેતા નાગરિકો પાસેથી વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીની સાદગી, સહજતા અને ગ્રામીણ નાગરિકો સાથેનો ઉષ્માપૂર્ણ વ્યવહાર જોઈને ગ્રામજનોના મુખ પર પોતીકી સરકારના પોતાના મુખ્યમંત્રીનો સંતોષ દેખાતો હતો.